**ભાદરવા સુદ ૨, શુક્રવાર તા. ૩૧-૮-૧૯૬૨**
**કાવ્ય-૨૦ થી ૨૫, પ્રવચન-૫**

.... '**યહાં એક ઔર ભી ગુપ્ત અર્થ હૈ, વહ ઈસ પ્રકાર હૈ – લોક મેં પ્રાતિહાર્ય પદ કા અર્થ આભૂષણ પ્રસિદ્ધ હૈ.**' આભૂષણ. '**ભગવાન કે ભી અશોકવૃક્ષ આદિ આઠ પ્રાતિહાર્ય યા આભૂષણ હોતે હૈં.**' આઠ પ્રાતિહાર્ય હોય છેને એને? અશોકવૃક્ષ આદિ દિવ્યધ્વનિ. '**યહાં કવિ પ્રાતિહાર્ય પદ કે શ્લેષ સે પહલે યહ બતલાના ચાહતે હૈં કિ સંસાર કે અન્ય દેવોં કી તરહ આપ કે શરીર પર પ્રાતિહાર્ય નહીં હૈ.**' શોભા નહીં હૈ. '**ઈન્દ્ર કે પ્રાતિહાર્ય અર્થાત્ પ્રતિહારીપના હો, પર આપ કે પ્રાતિહાર્ય યા આભૂષણ કહાં સે આયે?**' આપની આભૂષણની શોભા આપને ક્યાંથી આવી? એ તો ઈન્દ્રની શોભા છે. '**ફિર ઉપચારપક્ષ કા આશ્રય લેકર કહતે હૈં કિ આપ કે ભી પ્રાતિહાર્ય હો સકતે હૈં. ઉસકા કારણ હૈ 'तत्कर्मयोगात्' અર્થાત્ આભૂષણોં કે કાર્ય સૌંદર્યવૃદ્ધિ કે સાથ આપ કા સંબંધ હોતા હૈ.**' માટે આપને પણ એ શોભા આપે છે.

નિશ્ચયથી લઈએ તો ચૈતન્ય ભગવાન આત્મા એની નિર્મળ નિર્વિકલ્પ પર્યાયમાં જે શોભા છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની. ચૈતન્ય વસ્તુ એક સમયમાં પૂર્ણ આનંદ અને ધ્રુવ શુદ્ધ (છે). એની અંતર દૃષ્ટિ કરતાં, જે પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની શોભા છે એ તો પર્યાયની શોભા છે. દ્રવ્યને કહે છે, તમારી શોભા એમાં નથી. નવનીતભાઈ! સમજાય છે કાંઈ આમાં? પ્રભુ! આત્મા સચ્ચિદાનંદ નિર્મળ અનંત ગુણનું ધામ (છે), એ તમારી શેની શોભા? એ તો પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના કલ્પવૃક્ષની પેઠે ફાલ્યા એ તો પર્યાયની શોભા છે. તમે ક્યાંથી એનો લાભ લઈ ગયા કે અમારે લઈને આ છે? એક બાજુ એમ કહી ફરી ફેરવે છે.

હે ભગવાન! ચૈતન્ય તારે લઈને એ શોભા થઈ છે. ચૈતન્ય નિર્મળાનંદ દ્રવ્યસ્વભાવ એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર કરતાં એ પર્યાય પ્રગટ થઈ એ દ્રવ્યને લઈને પ્રગટ થઈ. માટે દ્રવ્યની જ શોભા છે, એ પર્યાયની ખરેખર શોભા નથી. શેઠી!

મુમુક્ષુ :– બેમાંથી કઈ સાચી?

ઉત્તર :– બેય સાચી.

નિર્મળ પર્યાય આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એવી શોભા એ પર્યાયમાં વેદન એનું, અનુભવ એનો છે. સમજાણું કાંઈ? કીધું નથી ત્યાં? ૧૭૨ ગાથામાં કહ્યું ને? આત્મા પર્યાયને સ્પર્શે છે, આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી. ૧૭૨ ગાથા, અલિંગગ્રહણમાં. પ્રવચનસાર, ૧૭૨ ગાથા. શેઠી! ઝીણું પડશે જરી. આત્મદ્રવ્ય એના અનુભવની દશામાં એ આત્મા પર્યાયનું

વેદન, શુદ્ધ ચૈતન્યધાતુ એનો અનુભવ કરતાં આત્માના પર્યાયનો અનુભવ થાય છે. એટલે આત્મા અનુભવની પર્યાયને વેદે છે. આત્મા દ્રવ્યને અડતો નથી. અડતો નથી સમજો છો? છૂતે નહીં. છૂતે નહીં કહે છેને? છૂતે નહીં. અડતો નથી, અમારી કાઠિયાવાડી ભાષા છે. અડવું એટલે છૂવું, સ્પર્શવું. આત્મદ્રવ્ય વર્તમાન પર્યાયનો અનુભવ કરે છે પણ આત્મા દ્રવ્યને અડતો નથી, અનુભવમાં સ્પર્શતો નથી. સમજાય છે કાંઈ? માટે તે દ્રવ્યના અનુભવને જ આત્મા કહેવામાં આવે છે. પણ એ અનુભવની શોભા, હે ભગવાન! એ તારા દ્રવ્યને લઈને છે. અંતરની ધાતુ ચૈતન્ય જ્ઞાનાનંદ પ્રભુ, એની અંતર દૃષ્ટિ કરતાં એ અનુભવપર્યાય પ્રગટી માટે ખરેખર શોભા અનુભવની કહીએ છીએ પણ એ અનુભવની શોભા દ્રવ્યને લઈને છે. દેવીલાલજી!

આ તો ભગવાન આત્માના ગાણા છે. વિષાપહાર. મિથ્યા ભ્રમણા અને રાગ-દ્વેષનો નાશ. ચૈતન્ય ભગવાન! દિવ્ય શક્તિવાન આ એની અંતર દૃષ્ટિ અને એના સત્કાર માહાત્મ્યમાં ગયો, ઝેરનો નાશ અને અમૃતની પ્રગટ દશા. આત્મામાં પર્યાયમાં અમૃતની રેલમછેલ એની શોભા છે. તારી શોભા તો અનુભવ તો એનો જ છે ને? પણ ખરેખર તો એ અનુભવની શોભા એ દ્રવ્યને લઈને પ્રગટી છે. એમ કહીને.. સમજાણું કાંઈ? એ ૨૦ થઈ.

---

## કાવ્ય-૨૧

श्रिया परं पश्यति साधु निःस्वः,
श्रीमान्न कश्चितकृपणं त्वदन्यः।
यथा प्रकाशस्थितमन्धकारस्थायी
क्षतेऽसौ न यथा तमःस्थम्।।

ધનિકોં કો તો સભી નિધન, લખતે હૈં, ભલા સમજતે હૈં,
પર નિધનોં કો તુમ સિવાય જિન, કોઈ ભલા ન કહતે હૈં.
જૈસે અંધકારવાસી, ઉજિયાલે વાલે કો દેખેં,
વૈસે ઉજિયાલા વાલા નર, નહિં તમવાસી કો દેખે.

અન્વયાર્થ :— (निःस्वः) નિર્ધન પુરુષ (श्रिया परम्) લક્ષ્મી સે શ્રેષ્ઠ અર્થાત્ સંપન્ન મનુષ્ય કો (साधु) અચ્છી તરહ આદરભાવ સે (पश्यति) દેખતા હૈ કિંતુ (त्वदन्यः) આપ કે અલાવા (कश्चित्) કોઈ (श्रीमान्) સંપત્તિશાલી પુરુષ (कृपणम्) નિર્ધન કો (साधु न पश्यति) અચ્છે ભાવોં સે નહીં દેખતા. ઠીક હૈ, (अन्धकारस्थायी) અંધકાર મેં ઠહરા હુઆ મનુષ્ય (प्रकाश-स्थितम्) ઉજાલે મેં ઠહરે હુએ પુરુષ કો (यथा) જિસ પ્રકાર (ईक्षते) દેખ લેતા હૈ, (तथा) ઉસી પ્રકાર (असौ) ઉજાલે

में स्थित पुरुष (तमःस्थम्) अंधेरे में स्थित पुरुष को (न ईक्षते) नहीं देख पाता.

भावार्थ :— हे प्रभो! संसार के श्रीमान, निर्धन पुरुषों को बुरी दृष्टि या निगाह से देखते हैं, पर आप श्रीमान होते हुए भी ज्ञानादि संपत्ति से रहित मनुष्यों को बुरी निगाह से नहीं देखते, बल्कि उन्हें भी अपनाकर हित का उपदेश देकर सुखी करते हैं; अतः ईस तरह आप संसार के अन्य श्रीमंतों से भिन्न ही श्रीमान हैं. ईस तरह दोनों की श्रीलक्ष्मी में भेद है. उनके पास रुपया, पैसा, चांदी, सोना वगैरह जड लक्ष्मी है; पर आप के पास अनंत ज्ञान, दर्शन, सुख, वीर्यरूप अनंत चतुष्टयमय लक्ष्मी है. २१.

---

## કાવ્ય-૨૧ ઉપર પ્રવચન

૨૧મી ગાથા.

श्रिया परं पश्यति साधु निःस्वः,
श्रीमान्न कश्चितकृपणं त्वदन्यः।
यथा प्रकाशस्थितमन्धकारस्थायी
क्षतेऽसौ न यथा तमःस्थम्।।

धनिकों को तो सभी निधन, लखते हैं, भला समजते हैं,
पर निधनों को तुम सिवाय जिन, कोई भला न कहते हैं.
जैसे अंधकारवासी, उजियाले वाले को देखें,
वैसे उजियाला वाला नर, नहिं तमवासी को देखे.

દૃષ્ટાંત આપ્યો છે, દૃષ્ટાંત. હે ભગવાન! હે પરમાત્મા! આમ પૂર્ણાનંદને લક્ષમાં લઈ, હે સર્વજ્ઞપ્રભુ! એમ પોતાના સર્વજ્ઞસ્વભાવને દૃષ્ટિમાં લઈ અને સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ કરે છે. હે મહારાજ! હે નાથ! '**निर्धन पुरुष लक्ष्मी से श्रेष्ठ अर्थात् संपन्न मनुष्य को अच्छी तरह आदरभाव से देखता है...**' શું કહે છે? લક્ષ્મી વિનાનો પુરુષ નિર્ધન લક્ષ્મીવાનને સારી રીતે આદરથી જોવે છે. '**किन्तु आप के अलावा कोई संपत्तिशाली पुरुष...**' આપથી ભિન્ન અજ્ઞાનની સંપત્તિ, આ ધૂળની, લક્ષ્મી, આબરુ, કીર્તિની સંપત્તિવાળા '**निर्धन को अच्छे भावों से नहीं देखता.**' એ નિર્ધનના સારા ભાવથી જોતા નથી. શું કહ્યું સમજાણું આમાં?

નિર્ધન પુરુષ... આ સંસારની વાત લીધી છે. એ સધનને બીજી દૃષ્ટિથી દેખે છે કે આ મારાથી મોટા અને આ સારા. એમ સારી દૃષ્ટિથી (જોવે છે). પણ સધન પુરુષ નિર્ધનને

ગરીબ તરીકે ગણીને કાંઈ ગણતરીમાં લેતા નથી. સમજાણું કાંઈ? '**કોઈ સંપત્તિશાલી પુરુષ...**' ગરીબ કો '**અચ્છે ભાવોં સે નહીં દેખતા. ઠીક હૈ, અંધકાર મેં ઠહરા હુઆ મનુષ્ય ઉજાલે મેં ઠહરે હુએ પુરુષ કો જિસ પ્રકાર દેખ લેતા હૈ,...**' એ તો દાખલો લૌકિકનો આપ્યો. અંધકારમાં એટલે જે બહારની સંપદા વિનાના એ બહારની સંપદાવાળાને જોઈ લ્યે છે. '**ઉસી પ્રકાર ઉજાલે મેં સ્થિત પુરુષ અંધેરે મેં સ્થિત પુરુષ કો નહીં દેખ પાતા.**' પણ સંપત્તિશાળી પુરુષ નિર્ધનને જોતો નથી. સંપત્તિશાળી પુરુષ. એ અંધકાર અને અંજવાળાનો દાખલો.

પરંતુ આપ તો હે શ્રીમાન! એનાથી આપમાં જુદી વિલક્ષણતા છે. આપ તો શ્રીમાન સ્વરૂપલક્ષ્મી અનંત જ્ઞાનાદિ હોવા છતાં, નિર્ધન જે અજ્ઞાની પ્રાણી એના હિતકરને માટે આપની દિવ્યધ્વનિનો ઉપદેશ આવે છે. આપની વાત જ નિરાળી બીજા શ્રીમાનોથી છે. શેઠી! સમજાય છે કાંઈ આમાં? એક આવે છેને? એમાં એ આવે છે, દેવચંદજીમાં એક આવે છે.

પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ...
નિજ સત્તાએ શુદ્ધ સહુને દેખતા હો લાલ...

'પ્રભુ તુમ જાણગ રીતિ...' હે સર્વજ્ઞ પરમાત્મા! આપની જ્ઞાનની કોઈ રીતિ એવી છે કે 'સહુ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ.' હે પરમાત્મા! જગતના પ્રાણીઓ આત્મા નિજ સત્તાએ શુદ્ધ સચ્ચિદાનંદ મૂર્તિ છે એમ આપ જોઈ રહ્યા છો. સધન લક્ષ્મીવાળા અનંત જ્ઞાની પરમાત્મા એ નિર્ધનની સંપદાને અંદરમાં જોઈ રહ્યા છે. પર્યાયમાં નથી પણ એનું સ્વરૂપ સંપદાથી ભરેલું છે એમ ભગવાન જોઈ રહ્યા છે. પ્રભુ! જગતના શ્રીમાન કરતાં આપની શ્રીમાનની લક્ષ્મી કોઈ જુદી જાતની છે. એ શ્રીમાનો નિર્ધનને ગણતરીમાં ગણતા નથી.

ગણતરીમાં નિર્ધન શ્રીમાનને ગણે લૌકિકમાં. પણ આપ તો શ્રીમાન! અનંત જ્ઞાન, દર્શન અને આનંદના ધણી, એ અશ્રીમાન જે અજ્ઞાની પામર પર્યાયમાં છે, એને પણ તમે ગણતરીમાં ગણો છો કે પ્રભુ! એ પણ પરમાત્મસ્વભાવ છે. શેઠી! 'સર્વ જીવ છે સિદ્ધસમ'. એ પણ પરમાત્મસ્વરૂપ છે. ભૂલ એક પર્યાયમાં છે, વસ્તુમાં નથી. એમ આપ સર્વજ્ઞપદે શ્રીમાન અનંત જ્ઞાનના ધણી એવા નિર્ધનને પણ આ રીતે તમે જુઓ છો. અને લક્ષ્મીવાળા નિર્ધનની ગણતરી કરતા નથી. પ્રભુ! આપનું શ્રીમાનપણું લૌકિકના શ્રીમાનપણાથી કાંઈક બીજી જાતનું છે. આ આંતરો પાડે છે. આ લક્ષ્મીવાળા લખે છેને તમારે? શ્રીમાન. નથી આવતું? પત્રમાં લખે કે નહિ? ધૂળના લક્ષ્મીવાળા હોય એને લખે કે નહિ? શ્રીમાન. નવનીતભાઈ! કહે છે, ઈ ઉપરથી વાત કરે છે.

હે પ્રભુ! જગતના શ્રીમાનો, એ તો જગતના શ્રીમાન ન હોય એને હલકી દૃષ્ટિથી દેખે, હોં! પણ આપની કોઈ રીત જ નિરાળી લાગે છે. આપનું સ્વરૂપ અનંત જ્ઞાન ને દર્શન

ને આનંદથી ભરેલું દ્રવ્યમાં હતું. એ પર્યાયમાં આપે પ્રગટ કર્યું. એવો અમને વિશ્વાસ થયો છે. અમને એવો વિશ્વાસ થયો છે. એ વિશ્વાસ સમ્યગ્દર્શન છે એનાથી અમે એમ માનીએ છીએ કે આપ પૂર્ણ થયા છતાં બધા પ્રાણીને અંતર સત્તાએ શુદ્ધની લક્ષ્મીએ આપ જોઈ રહ્યા છો. આપ બીજાને નથી ગણતા અને ગણતરીબહાર કરી નાખો છો એમ છે નહિ. શેઠી! આ પોતાની સત્તાના માહાત્મ્યમાં ગાણા ગાય છે. અમારી સત્તા ચૈતન્યપ્રભુ અનંત આનંદ અને શાંતિથી ભરેલી છે. એ અમારી નજરુંથી જોઈએ છીએ. એમ ભગવાન! તમે પણ બીજા પ્રાણીને નજરથી આ પ્રમાણે જુઓ છો.

'**ભાવાર્થ :— હે પ્રભો! સંસાર કે શ્રીમાન, નિર્ધન પુરુષોં કો બુરી દૃષ્ટિ યા નિગાહ સે...**' બુરી એટલે ગણતરીમાં લેતા નથી. ભાવાર્થ છેને? '**પર આપ શ્રીમાન હોતે હુએ ભી જ્ઞાનાદિ સંપત્તિ સે રહિત મનુષ્યોં કો બુરી નિગાહ સે નહીં દેખતે,...**' બુરી નિગાહ સે નહીં દેખતે હૈં. એ તો ભગવાન છે. એ પ્રભુ છે, પ્રભુ છે. એ પર્યાયમાં ભૂલ્યો છે પણ વસ્તુમાં ભૂલ નથી. વસ્તુમાં નથી, ગુણમાં નથી, શક્તિ—સ્વભાવમાં ક્યાંય ભૂલની ગંધ નથી. સમજાય છે કાંઈ? જુઓ! આ ગાણા ચૈતન્યના ગાય છે, હોં! આ. એમ પોતાને એમ માને છે કે અહો..! અમારો દ્રવ્યસ્વભાવ અને ગુણસ્વભાવ ત્રણ કાળ ત્રણ લોકમાં ભૂલ વિનાનો છે. એમાં ભૂલ છે નહિ. એ પર્યાયમાં ભૂલ (છે) પ્રભુ! એ અમે નથી જોતા. અમે તો નિર્ભૂલ ચૈતન્ય છે એને જોઈએ છીએ. સમજાય છે કાંઈ? અમે સદોષતાને નથી જોતા. વર્તમાનની સદોષદશા અલ્પ છે એને અમે નથી જોતા. અમે તો નિર્દોષ સચ્ચિદાનંદ નિધાન આત્મા, પ્રભુ! એની નજરે અમે તો પવિત્રતાને જ ભાળીએ છીએ. સમજાણું કાંઈ? જુઓ! આ ચૈતન્યની ભક્તિ અને આ ભગવાનની ભક્તિ.

'**ઉન્હેં ભી અપનાકર હિત કા ઉપદેશ દેકર સુખી કરતે હૈં,...**' અજ્ઞાની માણસને પોતાના જાણી એટલે એને ઉપદેશ આપે છે. '**ઈસ તરહ આપ સંસાર કે અન્ય શ્રીમંતો સે ભિન્ન હી શ્રીમાન હૈં. ઈસ તરહ દોનોં કી શ્રીલક્ષ્મી મેં ભેદ હૈ.**' દોનોં કી શ્રીલક્ષ્મી મેં ભેદ જો ઠહરા. '**ઉનકે પાસ રૂપિયા, પૈસા, ચાંદી, સોના...**' હીરા અને માણેક જડ જડ. '**પર આપ કે પાસ અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યરૂપ અનંત ચતુષ્ટયમય...**' સ્વરૂપ મારામાં એવું પડ્યું છે. અનંત ચતુષ્ટય સ્વરૂપ. મેં ફક્ત પ્રતીત અને જ્ઞાન દ્વારા એને જાણ્યું છે. આપે તો સ્થિરતા દ્વારા અને પ્રગટ કરીને અનંત ચતુષ્ટય પર્યાયમાં પ્રગટ કર્યા છે. કહો, સમજાય છે કાંઈ? આ સાધન શું? ને ક્યાંથી પ્રગટે? ને બધું ભેગું આવે છે. આ વિકલ્પ ને રાગ ને પ્રભુ! એની કંઈ કિંમત નથી. એની કાંઈ કિંમત નથી. કિંમત તો દ્રવ્યસ્વભાવની છે. જેના મૂલ ટાંકવા, મૂલાંક કરવા એ જ્ઞાનની પર્યાયમાં પણ દુર્લભ થઈ પડે એવા છે. એવા જ્ઞાનનો પર્યાય ચૈતન્યમૂર્તિ ભગવાન એને પરખીને જે પ્રગટ દશા પ્રગટ થાય, પ્રભુ! આની મૂલની કિંમત અચિંત્ય છે તો તારા મૂલની કિંમતનું શું કહેવું? પૂર્ણ સ્વભાવની

કિંમત તો કોઈ પર્યાય દ્વારા તો પૂર્ણ પડી શકે એવું નથી.

કહ્યું છેને નિર્મળ? ઓલામાં કીધું નહિ? નિયમસાર નહિ? ચાર ભાવથી અગમ્ય આત્મા છે. લે! શું કહ્યું એ? નિયમસાર! પદ્મપ્રભમલધારીદેવ! મહા પરમાગમના જાણનાર ભાવલિંગી સંત. એકવાર એમ કહ્યું કે અરે..! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક જે ચાર પર્યાય (છે), એને તું પ્રભુ ગમ્ય નથી, હોં! એટલે? એને આશ્રયે તું પ્રગટ થા એવો નથી. સમજાણું આમાં કાંઈ? ક્ષાયિકભાવને ગમ્ય નથી. ઓહો..હો..! ઓલા કહે છે કે આ ટીકામાં ભૂલ કરી. સાંભળને હવે. ગમ્ય નથી એટલે એનું અચિંત્ય માહાત્મ્ય જે છે એ ચાર ભાવ પ્રગટ્યા અને ક્ષાયિક સમકિત પ્રગટ્યું, સ્વભાવની પ્રતીત લેતું પ્રગટ્યું એને આશ્રયે નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. માટે કહે છે, ચાર ભાવને આશ્રયે તું ગમ્ય નથી. તું તો તું, તારે ગમ્ય છો. સમજાય છે કાંઈ? એ પરમપારિણામિક ચૈતન્ય કારણપ્રભુના એ ગાણા છે.

---

## કાવ્ય-૨૨

स्ववृद्धिनिःश्वास-निमेषभाजि,
प्रत्यक्षमात्मानुभवेऽपि मूढः।
किं चाखिलज्ञेयविवर्तिबोध-
स्वरूपमध्यक्षमवैति लोकः।।

નિજ શરીર કી વૃદ્ધિ, શ્વાસ-ઉચ્છવાસ ઔર પલકેં ઝપના,
યે પ્રત્યક્ષ ચિહ્ન હૈં જિસમેં, ઈતના ભી અનુભવ અપના.
કર ન સકેં જો તુચ્છબુદ્ધિ વે, હે જિનવર! ક્યા તેરા રૂપ!
ઈન્દ્રિયગોચર કર સકતે હૈં, સકલ જ્ઞેયમય જ્ઞાનસ્વરૂપ?

અન્વયાર્થ :-- (प्रत्यक्षम्) યહ પ્રકટ હૈ કિ (यः) જો મનુષ્ય (स्ववृद्धिनिःश्वासनिमेषभाजि) અપની વૃદ્ધિ, શ્વાસોચ્છવાસ ઔર આંખો કી ટિમકાર કો પ્રાપ્ત (आत्मानुभवे अपि) અપની આત્મા કે અનુભવ કરને મેં ભી (मूढः) મૂર્ખ હૈ, (स लोकः) વહ મનુષ્ય, (अखिलज्ञेयविवर्त्तिबोधस्वरूपम्) સંપૂર્ણ પદાર્થોં કી સંપૂર્ણ પર્યાયોં કો જાનનેવાલા (अध्यक्षम्) સકલ પ્રત્યક્ષ કેવલજ્ઞાન કો અર્થાત્ હે પ્રભુ! આપ કો (किं च अवैति) કૈસે જાન સકતા હૈ?

ભાવાર્થ :— ભગવન્! જો મનુષ્ય અપને આપ કો સ્થૂલ ચિહ્નોં સે ભી જાનને મેં સમર્થ નહીં હૈ, વહ જ્ઞાનસ્વરૂપ તથા આત્મા મેં વિરાજમાન આપ કો કૈસે જાન સકતા હૈ? અર્થાત્ નહીં જાન સકતા.

## કાવ્ય-૨૨ ઉપર પ્રવચન

૨૨.

स्ववृद्धिनिःश्वास-निमेषभाजि,
प्रत्यक्षमात्मानुभवेपि मूढः।
किं चाखिलज्ञेयविवर्तिबोध-
स्वरूपमध्यक्षमवैति लोकः।।

હિન્દી.

**નિજ શરીર કી વૃદ્ધિ, શ્વાસ-ઉચ્છવાસ ઔર પલકેં ઝપના,**
**યે પ્રત્યક્ષ ચિહ્ન હૈં જિસમેં, ઈતના ભી અનુભવ અપના.**
**કર ન સકેં જો તુચ્છબુદ્ધિ વે, હે જિનવર! ક્યા તેરા રૂપ!**
**ઈન્દ્રિયગોચર કર સકતે હૈં, સકલ જ્ઞેયમય જ્ઞાનસ્વરૂપ?**

‘**અન્વયાર્થ :— યહ પ્રકટ હૈ કિ જો મનુષ્ય અપની...**’ શરીરની વૃદ્ધિ. એ શરીરમાં સમય સમયમાં વૃદ્ધિ થાય એ અજ્ઞાની જોઈ શકતો નથી. શું કહે છે? આ નજીકની સંપદા જે આ શરીરની એની વૃદ્ધિને પણ એ જોઈ શકતો નથી. સમજાણું કાંઈ આમાં? શરીર વધે છે સમય સમયમાં, મિનિટે ખબર છે એને? જે મનુષ્ય પોતાની વૃદ્ધિ—આ શરીરની વાત છે, હોં! ‘**શ્વાસોચ્છવાસ...**’ આ શ્વાસોશ્વાસ પણ દેખાતા નથી, કહે છે. સમીપમાં રહેલી શ્વાસની ક્રિયા એ પણ જણાતી નથી. અને ‘**આંખો કી ટિમકાર કો પ્રાપ્ત...**’ આંખો આમ આમ થાય એ આંખ જોઈ શકતી નથી. આમ આમ થાય એ નજીકના અવયવોની ક્રિયા પણ જે જોઈ શકતો નથી... સમજાય છે?

‘**અપની આત્મા કે અનુભવ કરને મેં ભી મૂર્ખ હૈ,...**’ આ પર્યાય જે બહારની છે, નજીકની છે, કાયમ ચાલે છે શ્વાસ અને આંખ (ની પલકાર) એને પણ એ મૂર્ખ જોઈ શકતો નથી. ‘**વહ મનુષ્ય, સંપૂર્ણ પદાર્થોં કી સંપૂર્ણ પર્યાયોં કો જાનનેવાલા સકલ પ્રત્યક્ષ કેવલજ્ઞાન કો અર્થાત્ હે પ્રભુ! આપ કો કૈસે જાન સકતા હૈ?**’ સમજાય છે કાંઈ? અહો..! તારી અચિંત્ય મહિમા! કહે છે કે આનું પણ જેને જ્ઞાન નથી અને એમ કહે કે આત્મા આવો છે ને આત્મા આવો છે. શરીરના સમીપની શ્વાસની ક્રિયા વૃદ્ધિગત થયેલી કે વર્ષમાં કેટલા ઊંચા થયા? ક્યારથી? કેટલા ખબર છે? આપણને તો કાંઈ ખબર પડતી નથી. કાંઈક ઊંચા બીજા કહે છે કે, પોર કરતાં તમે બે તસુ ઊંચા થયા. શેઠી! શરીરની ઊંચાઈ, શ્વાસની ક્રિયા અને આંખના મટકાર—ત્રણેય લીધું આખું. એવી અવસ્થાને પણ નહિ

જોખનારા એ મૂર્ખ લોક આત્માને શી રીતે જાણે? કહે છે. સમજાય છે કાંઈ?

એમ વર્તમાન વિકલ્પ અને પુણ્ય-પાપના રાગ એની શું ચીજ અને કેવો પ્રકાર છે? એને જાણતા નથી, એના બંધના ભાવને જાણતા નથી. એને અબંધસ્વભાવી ભગવાન આત્મા પ્રભુ! એ કઈ દૃષ્ટિએ જ્ઞાન કરશે એનું? સમજાય છે કાંઈ? આ બહારમાં શરીર લીધું, અંદરમાં વિકલ્પ છે એ કાર્મણ શરીર છે. શુભ અને અશુભભાવ થાય એને પણ આ બંધ તરીકે છે એમ જાણતો નથી, એનું જ્ઞાન જેને નથી, એને બંધરહિત ભગવાન ચૈતન્ય અબંધ પરિણામી સ્વભાવ, હે ભગવાન! એને એ નહિ જોઈ શકે. એનું જ્ઞાન એ કરી શકશે નહિ. તારી કોઈ લીલા અચિંત્ય નિરાળી છે. સમજાણું કાંઈ? આ જુદી જાતની સ્તુતિ ધનંજયની છે. ધનંજય છે ને?

'**ભાવાર્થ :— ભગવન્! જો મનુષ્ય અપને આપ કો સ્થૂલ ચિહ્નોં સે ભી જાનને મેં સમર્થ નહીં હૈ,...**' આ શરીરની પર્યાય અને રાગાદિની દશા, વિકાર આદિની દશા એનું પણ જેને સાચું જ્ઞાન નથી, એની પણ જેને સાચી પિછાણ નથી '**વહ જ્ઞાનસ્વરૂપ તથા આત્મામેં વિરાજમાન આપ કો કૈસે જાન સકતા હૈ?**' ઓ ભગવાન! સમજાય છે કાંઈ? એકલા ચિદાનંદ નિર્વિકલ્પ પ્રભુ! એમાં એની દૃષ્ટિ ક્યાં જાય? હજી આટલું પણ એને બેસતું નથી કે આ રાગ પુણ્યનું કારણ, બંધનું કારણ મલિન છે, વિકાર છે, વિભાવ છે, એ સડેલું અંગ છે. નવનીતભાઈ! એને પણ જે કંઈ જ્ઞાનમાં લેતો નથી, ઈ કહે કે મને આત્મા ખ્યાલમાં અને અનુભવમાં આવે છે. મૂઢ લાગે છે. તને ઓળખાણ ચૈતન્યની છે નહિ. '**અર્થાત્ નહિ જાન સકતા.**' કહો, સમજાણું કાંઈ?

અથવા બહારથી લ્યો અંતરમાં તો પર્યાયનું જ્ઞાન પણ જેને વાસ્તવિક નથી, એને દ્રવ્યનું જ્ઞાન યથાર્થપણે હોઈ શકે નહિ. એક સમયની વ્યક્ત પર્યાય, એક સમયની વ્યક્ત નામ પ્રગટ પર્યાય એ પણ કેવી? અને સ્વતંત્ર કેમ છે? એની જેને ખબરું નથી, એને અવ્યક્ત ભગવાન આખો આત્મા જે પ્રગટ નથી પર્યાયમાં, એક સમયના અનંત ગુણની પર્યાય અને વિકાર કેમ સ્વતંત્ર અને કઈ રીતે છે એની પણ જેને ખબરું નથી, ભગવાન પ્રગટની ખબર નહિ એને અપ્રગટની શ્રદ્ધા ક્યાંથી હોય? સમજાણું કાંઈ? શું કીધું આમાં? નેમિદાસભાઈ! શું કીધું પણ આ?

કહે છે, પ્રગટ પર્યાય પ્રગટ થાય છે. વિકારી કે ઉઘાડ જેટલો જ્ઞાનાદિનો ઉઘાડ, દર્શનનો, વીર્યનો. એની પણ જેને સ્વતંત્રતાના સત્‌ની ઓળખાણ, શ્રદ્ધા નથી... સમજાણું કાંઈ? એને આખો ભગવાન આત્મા સ્વયંસિદ્ધ અકૃત્રિમ અખંડાનંદ પ્રભુ એવા દ્રવ્યના સ્વભાવની શ્રદ્ધાની કિંમત એને કોઈ રીતે નહિ થાય. સમજાણું કાંઈ? માટે હે પ્રભુ! તારી અંતરની લીલા એનું માહાત્મ્ય કોઈ અલૌકિક છે! એમ કરીને ભગવાનના ગાણા એટલે આત્માના ગાણા ગાયા છે, હોં! અહીંયા.

વિષાપહાર—અનાદિનું ઝેર ચડ્યું છે એ અમૃતકુંડને અવલોકતાં, ભગવાન અમૃતનો કુંડ-સરોવર એને અવલોકતા એના વિકારનો નાશ થાય, નિર્વિકારી દશા પ્રગટે એનું શું માહાત્મ્ય કહીએ? એના પૂર્ણાનંદના સ્વભાવની શું વાત કરવી? વિકલ્પાતીત ચિંતવનમાં ન આવે એવો તારો સ્વભાવ છે.

## કાવ્ય-૨૩

तस्यात्मजस्तस्य पितेति देव
त्वां येऽवगायन्ति कुलं प्रकाश्य।
तेऽद्यापि नन्वाश्मनमित्यवश्यं
पाणौ कृतं हेम पुनस्त्यजन्ति।।

'ઉનકે પિતા', 'પુત્ર હૈં ઉનકે', કર પ્રકાશ યોં કુલ કી બાત,
નાથ! આપ કી ગુણ-ગાથા જો, ગાતે હૈં રટ-રટ દિનરાત.
ચારુ ચિત્તહર ચામીકર કો, સચમુચ હી વે બિના વિચાર,
ઉપલ-શકલ સે ઉપજા કહકર, અપને કર સે દેતે ડાર.

**અન્વયાર્થ** :— (देव) હે નાથ! (ये) જો મનુષ્ય, આપ (तस्य आत्मजः) ઉનકે પુત્ર હો ઔર (तस्य पिता) ઉનકે પિતા હો (इति) — ઈસ પ્રકાર (कुलम् प्रकाश्य) કુલ કા વર્ણન કર (त्वाम् अवगायन्ति) આપ કા અપમાન કરતે હૈં, (ते) વે (अद्य अपि) અબ ભી (पाणौ कृतम्) હાથ મેં આયે હુએ (हेम) સુવર્ણ કો (आश्मनम्) પત્થર હૈ યા પત્થર સે પૈદા હુઆ હૈ, (इति) ઈસ હેતુ સે (पुनः) ફિર (अवश्यं त्यजन्ति) અવશ્ય હી છોડ દેતે હૈં?

**ભાવાર્થ** :— એક તો સુવર્ણ હાથ નહીં લગતા, યદિ કિસી તરહ હાથ લગ ભી જાવે તો ઉસે યહ સોચકર કિ ઈસકી ઉત્પત્તિ પત્થરોં સે હુઈ હૈ, ફિર ફૈંક દેના મૂર્ખતા હૈ. ઈસી તરહ આપ કા શ્રદ્ધાન વ જ્ઞાન સબ કો નહીં હોતા. યદિ કિસી કો હો ભી જાવે તો વહ આપ કો મનુષ્યકુલ મેં પૈદા બતલાકર પુનઃ છોડ દેતા હૈ, યહ સબસે બઢકર મૂર્ખતા હૈ. સુવર્ણ યદિ શુદ્ધ હૈ, ચાહે વહ પત્થર સે નહીં, દુનિયા કે ઔર કિસી હલ્કે પદાર્થ સે ઉત્પન્ન હુઆ હો તો ભી બાજાર મેં ઉસકી કીમત પૂરી હી લગેગી ઔર યદિ વહ મૈલસહિત હૈ, અશુદ્ધ હૈ તો કિસી અચ્છે પદાર્થ સે ઉત્પન્ન હોને પર ભી ઉસકી પૂરી કીમત નહીં લગ સકતી.

ઈસ પ્રકાર જો આત્મા શુદ્ધ હૈ, કર્મમલ સે રહિત હૈ; ભલે હી ઉસ પર્યાયમેં

નીચકુલ મેં પૈદા હુઆ હો, વહ પૂજ્ય કહલાતા હૈ ઔર યદિ વહી આત્મા ઉચ્ચકુલ મેં પૈદા હોકર ભી અશુદ્ધ હૈ, મલિન હૈ તો ભી ઉસે કોઈ પૂછતા ભી નહીં હૈ. ૨૩.

## કાવ્ય-૨૩ ઉપર પ્રવચન

૨૩.

तस्यात्मजस्तस्य पितेति देव
त्वां येऽवगायन्ति कुलं प्रकाश्य।
तेऽद्यापि नन्वाश्मनमित्यवश्यं
पाणौ कृतं हेम पुनस्त्यजन्ति।।

'ઉનકે પિતા', 'પુત્ર હૈં ઉનકે', કર પ્રકાશ યોં કુલ કી બાત,
નાથ! આપ કી ગુણ-ગાથા જો, ગાતે હૈં રટ-રટ દિનરાત.
ચારુ ચિત્તહર ચામીકર કો, સચમુચ હી વે બિના વિચાર,
ઉપલ-શકલ સે ઉપજા કહકર, અપને કર સે દેતે ડાર.

હે ભગવાન! હે આદિશ્વરનાથ! અને ધર્મની આદિનો કરનાર દ્રવ્ય પોતે ચૈતન્યનાથ! ધર્મની આદ્ય કરનારો ભગવાન આત્મા ધ્રુવ છે. આમ આદિનાથ ભગવાન આ ચોવીશીના આદિનાથ છે. '**હે નાથ! જો મનુષ્ય, આપ ઉનકે પુત્ર હો...**' આપની ઓળખાણ નાભિરાજાના પુત્ર. એમ ઓળખાણ કરીને ઓળખાણ કરાવે. પ્રભુ! એ વાત સાચી નથી. સમજાણું કાંઈ? મહાત્મા ધર્માત્મા કેવળજ્ઞાની પરમાત્મા! એને આના પુત્ર, અરે..! પુત્ર તો શરીરની અપેક્ષાએ. આત્મામાં ક્યાં હતું? એને—ભગવાનને એના કુટુંબથી ઓળખાવવા, એ ભૂલ કરે છે. શેઠી! આ વાંચ્યું છે કે નહિ? પણ તમે તો કહેતા હતા કે પાંચ સ્તોત્ર કરતા હતા દરરોજ. પણ તમે દરરોજ કરતા હતા, એમ કાંઈક કહેતા હતા. પાંચ સ્તોત્ર દરરોજ (કરે) એટલે બીજી સ્વાધ્યાય ન મળે. એમાંને એમાં સવારથી સાંજ વખત મળે થોડો એમાં જાય.

હે નાથ! આપ ઉનકે પુત્ર હો અને ભરત ચક્રવર્તીના પિતા છો. નાભિ રાજાના પુત્ર અને ભરતના પિતા. પ્રભુ! '**ઈસ પ્રકાર કુલ કા વર્ણન કર આપ કા અપમાન કરતે હૈં,...**' સમજાય છે કાંઈ? આપ કુળસ્વરૂપે નથી. એ કુળથી આપ ઊપજ્યા નથી. આપની શુદ્ધ પરિણતિ દ્રવ્યથી ઉત્પન્ન થઈ છે. આપની શુદ્ધ પરિણતિ અનંત જ્ઞાન, આનંદ આદિ એ દ્રવ્યથી ઉત્પન્ન થઈ છે, એ દ્રવ્ય એનું મૂળ કુળ છે અને તમે એમને શરીર દ્વારા ઓળખાવવા, કુટુંબ દ્વારા ઓળખાવવા કે ફલાણાના દીકરા અને ફલાણાનો બાપ ને ફલાણાનો ધણી ને એનો ભાઈ ને હેં! બેટા ને મિત્ર. ના, ના. અરે..! એને આત્મા સર્વજ્ઞ પરમાત્મા એની

ઓળખાણની રીત આવડી નહિ, હોં! કહે છે. એની રીત આવડી નહિ. પછી .. માં ઉતારશે.

'**વે અબ ભી હાથ મેં આયે હુએ સુવર્ણ કો...**' આવ્યું હાથમાં સોનું પણ '**પત્થર સે પૈદા હુઆ હૈ,...**' અરે..! સોનું છે ને, પત્થરની ખાણમાંથી પેદા થયું, છોડ એને. પત્થરની ખાણમાંથી સોનું આવ્યું, એમ કરીને સોનાને છોડી દ્યે છે એ મોટો મૂર્ખ છે. એમ આપને કુળ દ્વારા ઓળખાવે—બાપ-બેટા દ્વારા પણ ચૈતન્યધાતુ અનંત આનંદનો કંદ એની નિર્મળાનંદ પર્યાય દ્રવ્યથી પ્રગટી—કુળ, એનું કુળ ત્યાં છે, ત્યાંથી એ પર્યાય પ્રગટી છે. આપ કોઈની પ્રજા નથી, આપ કોઈના પિતા નથી. સમજાય છે કાંઈ? શું શેઠી! બાબુભાઈ તો તમને બહુ કહે છે. પિતાજી સાહેબને પ્રાર્થના કરી હતી કે પધારો ત્યાં. એમ કહેતા હતા. પિતાજી-બીતાજી નથી એમ કહે છે. અરે..! આ ભારે વાત! હેં!

મુમુક્ષુ :— ભગવાનની વાત છે.

ઉત્તર :— આ આત્માની વાત છે. બીજી વાત હજી પછી લઈએ છીએ. એમ જે કોઈ અજ્ઞાની આ શરીરની ક્રિયા અને વિકલ્પની ક્રિયાથી આત્માને ઓળખાવે એ મોટો મૂઢ છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેમ એ કુળથી ઓળખાવે ભગવાનને એ ભૂલેલા છે. એ ભગવાન કોઈના કુળમાં ઊપજ્યા નથી અને કોઈના કુળના બાપ છે નહિ.

અચિંત્ય પ્રભુ આત્મા! અનાદિઅનંત સ્વયંસિદ્ધ પ્રભુ, એની નિર્મળ પર્યાય પણ આત્માના અંદરથી પ્રગટી. એના કુળની ખાણ તો આત્મદ્રવ્ય છે. એને એમ કહેવું કે ભગવાનને આ કુળ હતું અને ભગવાનના આ પિતા હતા. બહુ ભૂલ્યા. ભૂલમાં પડ્યા કહે છે. સમજાય છે? એમ શરીરની સ્તુતિ દ્વારા આત્માની સ્તુતિ કરવી.. સમજાણું કાંઈ? લ્યો, આવ્યું છેને સમયસારમાં? ના, ના. પ્રભુ! તને પીળા કહેવા ને રંગે કહેવા ને ધોળા કહેવા ને આ કહેવા, દિવ્યધ્વનિના દાતાર કહેવા એ બધા શરીરની સ્તુતિ દ્વારા, ભગવાન, આપની સ્તુતિ માને છે એ મોટા ભૂલમાં પડ્યા છે. સમજાય છે કાંઈ? આપની સ્તુતિ તો આપના ગુણની પરિણતિની ભક્તિથી થાય છે. બાકી કોઈ રીતે સ્તુતિ થતી નથી. શેઠી! ભારે વાત ભાઈ!

'**એક તો સુવર્ણ હાથ નહીં લગતા...**' હવે જરી એનો ભાવાર્થ કરે છે. '**યદિ કિસી તરહ હાથ લગ ભી જાવે તો ઉસે યહ સોચકર કિ ઈસકી ઉત્પત્તિ પત્થરોં સે હુઈ હૈ...**' પત્થરની ખાણમાંથી સોનું ઊપજ્યું '**ફિર ફેંક દેના મૂર્ખતા હૈ.**' ફેંકી નાખે છે. અરે..! એ તો પત્થરથી ઊપજ્યું છે. '**ઈસી તરહ આપ કા શ્રદ્ધાન વ જ્ઞાન સબ કો નહીં હોતા.**' આપના શ્રદ્ધાન-જ્ઞાન શું છે એની ખબર નથી. '**યદિ કિસી કો હો ભી જાવે તો વહ આપ કો મનુષ્યકુલ મેં પૈદા બતલાકર પુનઃ છોડ દેતા હૈ,...**' શું કહે છે? કે સર્વજ્ઞપદ મનુષ્યભવમાં? ભાઈ! એમ કહે છેને? મનુષ્યમાં તો અલ્પજ્ઞ જ હોઈ શકે. એક સર્વજ્ઞ પરમાત્મા ઈશ્વર છે ઈ સર્વજ્ઞ હોય. મનુષ્ય? મનુષ્ય? મનુષ્યભવમાં સર્વજ્ઞ ન હોય, અલ્પજ્ઞ જ હોય. એવા લેખો આવ્યા હતા. છાપામાં જૈન નામના લેખમાં

પણ આવ્યા હતા. વેદાંતની વાત કરું છું. જુઓ સર્વજ્ઞ. કહો, સમજાણું કાંઈ? શું કીધું?

મનુષ્ય અલ્પજ્ઞ જ રહી શકે. એમ મનુષ્યની કિંમતે આત્માની કિંમત કરી એ મૂર્ખ છે કહે છે. આત્મા મનુષ્ય જ નથી. આત્મા દેવ નથી, આત્મા બાદર, પર્યાપ્ત, સૂક્ષ્મ કાંઈ છે નહિ. એ વિકલ્પાતીત ને વિકલ્પ ને શરીરની પરીક્ષાથી એને અલ્પજ્ઞ માનવો અને એને એનાથી વધારે થઈ શકશે એમ એનું ભાન અજ્ઞાની મૂરખ કરે છે. મનુષ્ય (છે) માટે સર્વજ્ઞ ન થઈ શકે એમ હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમાત્મા આત્મા મનુષ્યદેહે થઈ શકે છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. આત્મા અખંડ એક દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે એની પ્રતીત અને અનુભવ કરતાં વીતરાગ થતાં તે સર્વજ્ઞપદ મનુષ્યદેહમાં પામી શકાય છે. મનુષ્યદેહને લઈને નહિ. પણ મનુષ્યમાં હતો માટે સર્વજ્ઞ ન થઈ શકે એમ નહિ. હતો નહિ મનુષ્યમાં. એ તો પોતાના દ્રવ્યમાં જ હતો. એ દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ કરતાં, મનુષ્યદેહ ભલે નિમિત્ત તરીકે હોય પણ મનુષ્યને કારણે કેવળજ્ઞાન પામે છે એમ કહેનારા, આત્માની પિછાણ કરી શકતા નથી. એ કુળ અને શરીરથી ભક્તિ કરીને એમાં સર્વસ્વ માની રહ્યા છે. લે! શું વળી ગયું?

શરીરની ક્રિયા અને રાગની ક્રિયા દ્વારા આત્માને પહોંચી વળશું એમ માનનારા ચૈતન્યની ક્રિયાને સમજતા નથી. કુળની પરીક્ષાએ... આ મનુષ્યદેહમાં હતો માટે કેવળજ્ઞાન પામી શકે નહિ, એમ માનનારાએ આત્માની ખબર નથી. મનુષ્યપણામાં પણ સર્વજ્ઞપદ સંપૂર્ણ સામર્થ્ય મારું છે એવું ભાન થયું, વિશ્વાસમાં લાવી સ્થિરતા દ્વારા, મનુષ્યદેહ હોવા છતાં, મનુષ્યદેહને લઈને નહિ, મનુષ્યદેહ હોવા છતાં મનુષ્યદેહને લઈને નહિ, અંતર આત્માના અવલંબે, સર્વજ્ઞપદે મનુષ્યદેહમાં પ્રગટ થઈ શકે છે. એણે આત્માની વાસ્તવિક સ્તુતિ કરી. બાકી આ મનુષ્ય હતોને, વાણિયમાં જન્મ્યો હતો ને, વાણિયામાં જન્મ્યો હતો ને, બ્રાહ્મણ હતો ને. હવે સાંભળને હવે. કેટલાક ઈ કહે, વાણિયો ને? વાણિયો કેવળ પામે? અરે..! સાંભળ માળા. વાણિયો કે દિ' આત્મા હતો? શેઠી! અને એ તો પહેલેથી નિર્ધન હતો. ખબર નથી? પહેલેથી ઉઠ્યો ત્યારથી નિર્ધન. પૈસા નહોતા, બુદ્ધિ થોડી અને ચોપડી ભણેલો સાત. હવે એને કેવળજ્ઞાન થાય? અરે..! સાંભળને માળા હવે તું. સમજાણું આમાં કાંઈ? કાલનો કઠિયારો હોય, લાકડા વેચવા આવે ને, જ્યાં બીજે દિ' કેવળજ્ઞાન પામે ત્યાં.. અરે..! કઠિયારો કેવળજ્ઞાન (પામ્યો)! સાંભળને! આત્મા કઠિયારો કે દિ' હતો? સમજાય છે કાંઈ? અને લક્ષ્મી વિનાનો નિર્ધન આત્મા કે દિ' હતો? આત્માને બહારના કારણે ઓળખાવવો એ મૂઢ જીવો છે એમ કહે છે. સમજાણું? અરે..! એનું શરીર તો રોગીનું હતું. એનું નબળું હતું, જીર્ણ કાઠી શરીરની હતી. એને કેવળજ્ઞાન થાય? સમજાણું કાંઈ? આ એને કેવળજ્ઞાન થાય, સાંભળ! એ આત્માથી, આત્માને થાય છે, કાંઈ પરને લઈને થાતા નથી. સમજાણું કાંઈ?

અથવા શરીરમાં સંઘયણ મજબૂત હોય તો ભગવાનને—આત્માને કેવળજ્ઞાન થાય. આમ

ઓળખાવનારા મૂઢ જીવો છે. એ આત્માના માહાત્મ્યને સમજી શક્યા નથી. આ એમ કહે છે. સમજાણું કાંઈ? ભઈ, એ તો શરીર સંઘયણ મજબૂત હોયને, બાર મહિના કાઉસગ્ગ રહી શકે. બાહુબલીજી રહ્યા, લ્યો! શરીર મજબૂત વિના ધ્યાન શી રીતે થાય? શેઠી! એમ કરીને શરીરની મજબૂતાઈથી, આત્માની લક્ષ્મી પ્રગટ ન થાય અને મજબૂત હોય તો થાય એમ કહેનારા આત્માની શક્તિ અને આત્માના ભાનથી ભૂલેલા છે. ભગવાન એને આપની ભક્તિ અને આત્માની ભક્તિ આવડતી નથી. સમજાણું કાંઈ?

'**યદિ કિસી કો હો ભી જાવે તો વહ આપ કો મનુષ્યકુલ મેં પૈદા બતલાકર પુનઃ છોડ દેતા હૈ,...**' અરે..! મનુષ્ય હતાને એ તો, મનુષ્ય હતાને, એમાં શું છે? બાળક હતાને, પહેલા આવા નહોતા? ઉં..ઉં.. કરતાં અને હાલતા પડી જતા ને... પહેલો તો આમ હાલવામાં લથડિયા ખાય શરીર, ઈ? ઈ કેવળજ્ઞાન પામે? હવે સાંભળને! કેવળજ્ઞાન ઈ નથી પામ્યો—શરીર, શરીરને લઈને નથી પામ્યો. ચૈતન્યજ્યોત ઝળહળ જ્યોતિમાં નજરું મૂકતાં, એ નિધાનને જોતા કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે. આત્મઅવલોકન કરતાં...

આમાં આવતું નથી? શ્રીમદ્‌માં પણ આવે છેને? 'આતમભાવના ભાવતા લહીએ કેવળજ્ઞાન' નથી આવતું? જીવ લહે કેવળજ્ઞાન રે. એ ગોખે રાખે પણ શું છે એનો અર્થ? 'આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે..' એ શરીરની ભાવના અને વિકલ્પની ભાવના ભાવતા આત્મા કેવળજ્ઞાન પામે એવું વસ્તુના સ્વરૂપમાં નથી.

'**યહ સબસે બઢકર મૂર્ખતા હૈ. સુવર્ણ યદિ શુદ્ધ હૈ, ચાહે વહ પત્થર સે નહીં, દુનિયા કે ઔર કિસી હલકે પદાર્થ સે ઉત્પન્ન હુઆ હો તો ભી બાજાર મેં ઉસકી કીમત પૂરી હી લગેગી...**' સોનાની તો કિંમત પૂરી મળશે. સમજાણું કાંઈ? આ મોરપીંછી છે ને? મોર.. મોર. મોરના પાંખમાં ત્રાંબુ હોય છે. લાલ લાલ દેખાય છેને? એ ત્રાંબુ છે. એનો રસ કાઢીને એ ક્ષય ઉપર આપે છે. એમાંથી ત્રાંબાનો રસ, એવી એની ત્રાંબાની ભસ્મ થાય કે ક્ષયવાળાને પુણ્યનો ઉદય હોય અને અશાતાનો ન હોય તો એ એને આપે અને મટી જાય. એની કિંમત એ વૈદ્યને હોય છે કે આમાં ત્રાંબાની ધાતુ છે. અજ્ઞાની મોરપીંછી પંખીને એક કાઢી નાખેલું... બાર મહિને કાઢી નાખે ને, પાંખું કાઢી નાખે. એ તો પાંખડા. એ તો ઓલો મોર નહિ? આવા ને આવા. અરે..! સાંભળને! એ પંખમાં એના ત્રાંબાની જે તાકાત છે એવી તાકાત બહારના ત્રાંબામાં હોઈ શકતી નથી.

એમ આત્માની તાકાત શરીર અને વિકલ્પને લઈને પ્રગટે એમ માનનારા એ ચૈતન્યધાતુરસ પડ્યો છે એને એ ભૂલી જાય છે. સમજાણું કાંઈ? કહે છે કે '**કિસી હલકે પદાર્થ સે ઉત્પન્ન હુઆ હો...**' એમ કીધુંને? સોનું ગમે ત્યાંથી આવ્યું. આ વિષ્ટામાં પડ્યું હોય અને સોનું પકડાણું. ચોખા ક્યાંક પડ્યા હોય અને સોનું હાથ આવી ગયું. કિંમત વઈ જતી હશે એની? કિંમત થાતી હશે કે નહિ? ક્યાંથી હાથ આવ્યું સોનું? એ આવ્યું આ પાયખાનામાંથી

આવ્યું, ગમે તે હોય. હેઠે પાયખાનામાં સોનાનો લાટો પડ્યો હતો. કોણ જાણે ગમે તે, પણ નીકળ્યું વિષ્ટામાંથી એટલે એની કિંમત ઘટી જતી હશે?

એમ શરીર વિષ્ટા જેવું અને વિકલ્પ પણ વિષ્ટા જેવો. પુણ્ય-પાપના પરિણામ વિકલ્પ ઝેર જેવા છે. એમાંથી ચૈતન્ય ભિન્ન હાથ આવ્યો. સમજાય છે? એથી કાંઈ ચૈતન્યની કિંમત ઘટી જાય એમ છે નહિ. કહો, સમજાણું? '**બાજાર મેં ઉસકી કીમત પૂરી હી લગેગી ઔર યદિ વહ મૈલસહિત હૈ, અશુદ્ધ હૈ તો કિસી અચ્છે પદાર્થ સે ઉત્પન્ન હોને પર ભી ઉસકી પૂરી કીમત નહીં લગ સકતી.**' મેલવાળી ચીજ કોઈ એવી હોય અને સારામાંથી પ્રગટ થઈ હોય તો એની કિંમત કાંઈ નથી. આ કોલસામાં હીરા નથી પાકતા? શેઠી! કોલસામાં પાકે છે કે નહિ? કોલસાની ખાણમાં. એટલે કિંમત ઘટી જાય? આસપાસ કોલસા અને એમાંથી પાક્યો હીરો. એ પરમાણુની સ્વતંત્ર ત્યાં પરિણમન દશા બીજી છે. એમ આ શરીરરૂપી કોલસો અને પુણ્ય-પાપના મેલા પરિણામ, એમાં પડેલો ચિદ્દ્ઘન આત્મા, એમાં રહેલો આત્મા પ્રગટ ન થાય એમ વાત છે નહિ. સમજાણું કાંઈ?

'**ઈસ પ્રકાર જો આત્મા શુદ્ધ હૈ, કર્મમલ સે રહિત હૈ; ભલે હી ઉસ પર્યાય મેં નીચકુલ મેં પૈદા હુઆ હો,...**' ચંડાળના કુળમાં ઉત્પન્ન થયો હોય પણ સમ્યગ્દર્શન પામે તો એને દેવ કહેવામાં આવે છે. આવે છેને રત્નકરંડ શ્રાવકાચારમાં? દેવ. અગ્નિ જેમ રાખે ભારેલી, પણ અગ્નિ તો જળહળ અંદર પડી છે. એમ જેના શરીર કાળા-કુબડા, કાઠા આવા, ફલાણા આવા. પણ ચૈતન્યઅંગારો જેણે સ્થાપ્યો અંદરથી, કહે છે કે ચંડાળ કુળમાં ઊપજ્યો એ દેવ છે. કોને લઈને? કુળને લઈને? સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ ચૈતન્યથી જ્યાં પ્રગટી, કહે છે કે દેવ છે. એ દેવને પણ પૂજનિક છે. ચંડાળના દેહમાં રહેલો આત્મા પ્રગટ થાય છે. સમ્યક્ સાક્ષાત્કાર દેવને પૂજનિક છે. એની કિંમત કાઢી નખાય નહિ કે હલકા કુળમાં જન્મ્યો હતો, આ મોટા નાગરના કુળમાં, આવા શરીર ને આવા રૂપાળા માટે ત્યાં કાંઈક કિંમત હશે? કે ના, એની કિંમત કાંઈ આત્મામાં છે નહિ.

'**ભલે હી ઉસ પર્યાય મેં નીચકુલ મેં પૈદા હુઆ હો, વહ પૂજ્ય કહલાતા હૈ ઔર યદિ વહી આત્મા ઉચ્ચકુલ મેં પૈદા હોકર ભી અશુદ્ધ હૈ,...**' મલિન પરિણામ મિથ્યા ભ્રાંતિ કરતા હોય અરે..! ઉઘાડ અગિયાર અંગનો. નવ પૂર્વનો હોય અને મિથ્યાશ્રદ્ધા કરતો હોય, તો એની કાંઈ કિંમત છે નહિ. અને જ્ઞાનની દશા ઓછી હોય, થોડી હોય છતાં ચૈતન્યની કિંમત જેણે કરી છે તો એ ચૈતન્યની કિંમત ઓછી થઈ જાય એમ છે નહિ. ૨૩ (થઈ).

## કાવ્ય-૨૪

दत्तस्त्रिलोक्यां पटहोऽभिभूताः
सुरासुरास्तस्य महान्स लाभः।
मोहस्य मोहस्त्वयि को विरोद्धुं
मूलस्य नाशो बलवद्विरोधः।।

તીન લોક મેં ઢોલ બજાકર, કિયા મોહ ને યહ આદેશ,
સભી સુરાસુર હુએ પરાજીત, મિલા વિજય યહ ઉસે વિશેષ.
કિન્તુ નાથ! યહ નિબલ આપસે, કર સકતા થા કહાં વિરોધ,
વૈર ઠાનના બલવાનોં સે, ખો દેતા હૈ ખુદ કો ખોદ.

અન્વયાર્થ :— મોહ કે દ્વારા (त्रिलोक्याम्) તીનોં લોકોં મેં (पटहः) વિજય કા નગાડા (दत्तः) દિયા ગયા અર્થાત્ બજાયા ગયા; ઉસસે જો (सुरासुराः) સુર ઔર અસુર (अभिभूताः) તિરસ્કૃત હુએ, (सः) વહ (तस्य) ઉસ મોહ કા (महान् लाभः) બડા લાભ હુઆ કિન્તુ (त्वयि) આપ કે વિષય મેં (विरोद्धुम्) વિરોધ કરને કે લિયે (मोहस्य) મોહ કો (कः) કૌન-સા (मोहः) ભ્રમ હો સકતા થા અર્થાત્ કોઈ નહીં, ક્યોંકિ (बलवद्विरोधः) બલવાન કે સાથ વિરોધ કરના (मूलस्य नाशः) માનો મૂલ કા નાશ કરના હૈ.

ભાવાર્થ :— હે ભગવન્! જિસ મોહ ને સંસાર કે સબ જીવોં કો અપને વશ મેં કર લિયા, ઉસ મોહ કો ભી આપને જીત લિયા હૈ અર્થાત્ આપ મોહરહિત ઔર રાગ-દ્વેષ સે શૂન્ય હૈં.

## કાવ્ય-૨૪ ઉપર પ્રવચન

૨૪.

दत्तस्त्रिलोक्यां पटहोऽभिभूताः
सुरासुरास्तस्य महान्स लाभः।
मोहस्य मोहस्त्वयि को विरोद्धुं
मूलस्य नाशो बलवद्विरोधः।।

**તીન લોક મેં ઢોલ બજાકર, કિયા મોહ ને યહ આદેશ,**
**સભી સુરાસુર હુએ પરાજીત, મિલા વિજય યહ ઉસે વિશેષ.**
**કિન્તુ નાથ! યહ નિબલ આપસે, કર સકતા થા કહાં વિરોધ,**
**વૈર ઠાનના બલવાનોં સે, ખો દેતા હૈ ખુદ કો ખોદ.**

નબળા સાથે વેર કરજે પણ આની સાથે વેર કરીને મરી જઈશ. મોટા સાથે, ભીંત સાથે માથુ પછાડીશ, લીમડાના પાંદડા હલતા હોય ત્યાં માથુ પછાડ તો જુદી વાત છે. કારણ કે પાંદડુ આઘુ હાલ્યું જાશે આમ. સમજાય છે કાંઈ? નબળા છે ઈ, પાંદડા હલતા હોય ને? નીમ નીમ. થોડા આઘા હાલશે. પણ મજબૂત ભીંતની સાથે માથા ફોડવા (જઈશ તો) માથુ ફૂટી જશે. એમ નબળા સાથે તારે વેર કરવું હોય તો ભલે પણ સબળો પરમાત્મા ચૈતન્યધાતુ! સર્વજ્ઞ પરમાત્માની સાથે વિરોધ, તારા વિરોધનો નાશ કરી નાખશે. પાણી પાણી કરીને રાખ કરી મૂકશે. માટે મોટા સાથે વિરોધ હોઈ શકે નહિ.

'**અન્વયાર્થ :— મોહ કે દ્વારા તીનોં લોકોં મેં વિજય કા નગાડા દિયા ગયા,...**' મેં બધાને જીત્યા છે, મોહ કહે છે, મેં બધાને જીત્યા છે. આ નવમી ગ્રૈવેયકે ગયા મુનિઓને પણ અમે ક્રિયા કરીએ ને વ્રત પાળીએ ને અઠ્યાવીસ મૂળગુણ પાળીએ ને વ્યવહાર અમારા સારા, મારી નાખ્યા મોહે એને પણ, કહે છે. મિથ્યાત્વે એને જીતી લીધા. એવા ત્યાગી થયા હજારો રાણીના. સમજાણું કાંઈ? અમે અઠ્યાવીસ મૂળગુણના પાળનાર. મિથ્યાત્વે મારી નાખ્યા એને. ભ્રમણા (કરી કે) અમે આટલું તો કરીએ છીએને? આમ તો કરીએ છીએને? એવા મિથ્યાત્વના અહંકારને લઈને બધે વિજય મોહે મેળવ્યો છે.

'**સુર ઔર અસુર તિરસ્કૃત હુએ,...**' અરે..! મોટા દેવો અને અસુરો તિરસ્કાર પામ્યા. '**વહ ઉસ મોહ કા બડા લાભ હુઆ...**' મોહને મોટો લાભ થયો. બધેથી મને મારા વિજયનો લાભ મળ્યો છે. '**વહ ઉસ મોહ કા બડા લાભ હુઆ કિન્તુ આપ કે વિષય મેં વિરોધ કરને કે લિયે મોહ કો કૌનસા ભ્રમ હો સકતા થા...**' એને ભ્રમ શું થાય કે હું આને જીતી શકીશ. સમજાય છે? '**કોઈ નહીં, ક્યોંકિ બલવાન કે સાથ વિરોધ કરના માનો મૂલ કા નાશ કરના હૈ.**' ... છેને એમાં ક્યાંક શબ્દ? સંસ્કૃતમાં છે બીજી લીટી. ... સમાનની સાથે કરજે, ન્યૂનને અધિકારી કરીને માથા ફૂટી જશે. ભગવાન ચૈતન્યધાતુ, તારી સાથે મોહનો વિજય થઈ ગયો, તેં મોહનો વિજય કર્યો. મોહે બીજાનો વિજય કર્યો. પણ આપે તો મોહનો વિજય કર્યો, પ્રભુ! હે નાથ! તારામાં જ એ તાકાત છે. બીજામાં એ તાકાત નથી. બીજા મોટા માંધાતા ભૂલ્યા. ત્યાગી થયા, જોગી થયા, મુનિ થયા. મહા દશ-દશ કલાક સુધી આમ ધ્યાનમાં રહ્યા. અહંકાર (કર્યો). ઓલા વિકલ્પની ક્રિયા થાય એને માની બેઠો કે અમને આમાં ધર્મ થાય છે. એ મિથ્યાત્વે એને જીતી લીધા છે. પણ પ્રભુ! તેં મિથ્યાત્વને જીત્યું. અજ્ઞાનને જીતીને આપ સર્વજ્ઞ અને પરમાત્મા થયા. તમને એ મોહ

જીતી શક્યા નથી.

**'માનોં મૂલ કા નાશ કરના હૈ.'** વિરોધી મહાબળવંત સાથે થાય... બળદ હોયને મોટા? સાંઢડા. શું કહે છે? ખૂંટડા, ખૂંટડા. સાંઢ સાંઢ. ઉકરડાનો ઢગલો હોય ને? કૂજા કા ઢેર કહતે હૈં? ક્યા કહતે હૈં? કૂડા કૂડા. માથુ મારે. એને જાણે કે હું આને પોગી ગયો, હોં! પણ એ તો પોલંપોલા છે. ન્યાં શું તું પોગ્યો? ભીંત સાથે માથુ મારે તો શીંગડા તૂટી જાય એવું છે. તૂટી જશે, નહિ ભીંત તસુ પણ ખસે. સમજાણું કાંઈ? એક મૂરખની વાત નથી આવતી? ઓલી વાવની ભાઈ! આવે છેને? વાવ.. વાવ. વાવ હતીને મોટી. આ આપણને ગામથી બહુ દૂર પડે છે. પાંચ-પચાસ ડગલા બાયુંને (ચાલવા પડે છે). માટે આપણે ગામ કોર લઈ જાવ. એવા મૂરખ ભેગા થયા બધા. અને વાવનો મોઢાઆગળનો ભાગ હોયને, એમાં નાખ્યા લૂગડા લૂગડા. લૂગડા કરીને ખેંચાખેંચ (કરી). .. પથરા નહોતા નાખતા હમણાં? આ લઈ ગયાને લાઠી. રાડે રાડ પાડતા હતા. પચ્ચીસ-પચ્ચીસ મણના કરીને. હો.. હો કરવા (મંડ્યા). એમાં ઓલા લૂગડા હશેને, ધોતિયા હશેને, આમ ડોકમાં નાખેલા. ખેંચે. પોચા. આમ ચાલ્યું. ઓલું ફાટ્યુંને જરી... એક તસુ હાલ્યું. એ.. ચાલી આ વાવ. ધૂળમાંય ચાલી નથી. માળા મૂરખ છો તું. એ વાવ આવી મોઢાઆગળ. અરે..! પગલું જરી આમ થયુંને. ફાટ્યું, લુગડું ફાટ્યું જરી આમ ફહ.. થઈને. એ... વાવડી ચસકી. એમ કહે છેને? એમ અજ્ઞાની મૂર્ખાઈ ચસકી. કાંઈક અમે આગળ ગયા છીએ, હોં! કાંઈક અમે આગળ ગયા. મૂરખમાં ક્યાંય ગયો નથી. સાંભળને હવે. એ શુભ અને અશુભના વિકલ્પની જાળમાં કાંઈક મેં આત્માને પકડ્યો હતો, હોં! કાંઈક મેં આત્માને જાણ્યો હતો. વાવડી ચસકી છે. શેઠી!

**'ભાવાર્થ :— હે ભગવન્! જિસ મોહ ને સંસાર કે સબ જીવોં કો અપને વશ મેં કર લિયા, ઉસ મોહ કો ભી આપને જીત લિયા હૈ અર્થાત્ આપ મોહરહિત ઔર રાગ-દ્વેષ સે શૂન્ય હૈં.'** આપની કિંમત મોહરહિત કરનારા કિંમત કરી શકે. મોહમાં પડ્યા એ પ્રભુ! આપની કિંમત કરી શકે નહિ.

---

## કાવ્ય-૨૫

मार्गस्त्वयैको ददृशे विमुक्तेः,
    चतुर्गतीनां गहनं परेण।
सर्वं मया दृष्टमिति स्मयेन
    त्वं मा कदाचित् भुजमालुलोकः।।

તુમને કેવલ એક મુક્તિ કા, દેખા માર્ગ સૌખ્યકારી,
પર ઔરોં ને ચારોં ગતિ કે, ગહન પંથ દેખે ભારી.
ઈસસે સબ કુછ દેખા હમને, યહ અભિમાન ઠાન કરકે,
હે જિનવર! નહિં કભી દેખના, અપની ભુજા તાન કરકે.

અન્વયાર્થ :— (त्वया) આપ કે દ્વારા (एकः) એક (विमुक्तेः) મોક્ષ કા હી (मार्गः) માર્ગ (ददृशे) દેખા ગયા હૈ ઔર (परेण) દૂસરોં કે દ્વારા (चतुर्गतीनाम्) ચારોં ગતિયોં કા (गहनम्) સઘન વન (ददृशे) દેખા ગયા હૈ, માનો ઈસીલિયે (त्वम्) આપને (मया सर्वं दृष्टम्) મૈંને સબ કુછ દેખા હૈ, (इति स्मयेन) ઈસ અભિમાન સે (कदाचित्) કભી ભી (भुजम्) અપની ભુજાઓં કો (मा आलुलोकः) નહીં દેખા.

ભાવાર્થ :— ઘમંડિયોં કા સ્વભાવ હોતા હૈ કિ વે અપને કો બડા સમજકર બાર-બાર અપની ભુજાઓં કી તરફ દેખતે હૈં, પર આપને ઘમંડ સે કભી અપની ભુજાઓં કી તરફ નહીં દેખા. ઉસકા કારણ યહ હૈ કિ આપ સોચતે થે કિ મૈંને તો સિર્ફ એક મોક્ષ કા હી રાસ્તા દેખા હૈ ઔર અન્ય સભી દેવી-દેવતા ચારોં ગતિયોં કે રાસ્તોં સે પરિચિત હૈં; ઈસીલિયે મૈં ઉનકે સામને અલ્પજ્ઞ હૂં. અલ્પજ્ઞ કા બહુજ્ઞાનિયોં કે સામને અભિમાન કૈસા?

શ્લોક કા તાત્પર્ય યહ હૈ કિ હે પ્રભુ! આપ અભિમાન સે રહિત હૈં ઔર નિશ્ચિત હી મોક્ષ કો પ્રાપ્ત હોનેવાલે હૈં પરન્તુ અન્ય દેવી-દેવતા અપને-અપને કાર્યોં કે અનુસાર નરક આદિ ચારોં ગતિયોં મેં ઘૂમા કરતે હૈં. ૨૫.

## કાવ્ય-૨૫ ઉપર પ્રવચન

૨૫.

मार्गस्त्वयैको ददृशे विमुक्तेः,
चतुर्गतीनां गहनं परेण।
सर्वं मया दृष्टमिति स्मयेन
त्वं मा कदाचित् भुजमालुलोकः।।

તુમને કેવલ એક મુક્તિ કા, દેખા માર્ગ સૌખ્યકારી,
પર ઔરોં ને ચારોં ગતિ કે, ગહન પંથ દેખે ભારી.
ઈસસે સબ કુછ દેખા હમને, યહ અભિમાન ઠાન કરકે,
હે જિનવર! નહિં કભી દેખના, અપની ભુજા તાન કરકે.

શું કહે છે? માળે અલંકાર એવા કર્યા છેને જરી!

**'અન્વયાર્થ :— આપ કે દ્વારા એક મોક્ષ કા હી માર્ગ દેખા ગયા હૈ...'** પ્રભુ! આપે તો એક જ માર્ગ બતાવ્યો, હોં! બે-ત્રણ નથી બતાવ્યા. એક જ બતાવ્યો છે. ઓલાએ અનેક બતાવ્યા મૂઢે. એમ કહે છે. શું કહે છે? હે નાથ! આપે તો એક જ મોક્ષનો માર્ગ બતાવ્યો. એક જ. અને બીજા દેવોએ તો ચાર ગતિના અનેક માર્ગ બતાવ્યા. માટે મોટા થઈ પડ્યા ઈ અને આપ થઈ ગયા નાના. સમજાણું કાંઈ?

બીજી રીતે કહે (તો), હે ત્રિલોકનાથ પરમાત્મા! અથવા હે આત્મા! આ તારામાં અનુભવની દૃષ્ટિ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એક જ મોક્ષમાર્ગ તેં માન્યો છે. અને અજ્ઞાનીઓએ તો બે, ત્રણ, ચાર, પાંચ ગતિમાં રખડવાના માર્ગ (માન્યા). એને ધર્મ માનીને માર્ગ માન્યો છે. વ્યવહાર પણ મોક્ષમાર્ગ છે, નિમિત્ત પણ મોક્ષમાર્ગ છે, દેહની ક્રિયા પણ મોક્ષમાર્ગ છે. એમ માનીને તું તો એકને કહે, ઓલા અનેકને કહે. વધી ગયા તારાથી આ. શેઠી! પણ **'દૂસરોં કે દ્વારા ચારોં ગતિયોં કા સઘન વન દેખા ગયા હૈ,...'** ચારે ગતિમાં રખડવામાં સઘન વન. એ ક્યાંય ગોથા ખાશે બાવળના પંથમાં. ક્યાંય રસ્તો હાથ આવશે નહિ. પણ માર્ગ ત્યાં કેડિયું અનેક હોય, હોં! તારો તો માર્ગ એક જ પ્રભુ હોં! આહા..! સમજાણું કાંઈ? એ કેડિયું મરી જવાની રખડવાની, રખડી રખડીને ચાર ગતિમાં.

પંચાસ્તિકાયમાં આવે છે ને? હે પ્રભુ! આપ તો સ્વતંત્ર આત્માની મુક્તિની લક્ષ્મીને પ્રાપ્ત કરાવો છો. ચાર ગતિની પરાધીનતાને આપ નાશ કરાવો છો. છેને? બીજી ગાથા છે, ટીકા. પંચાસ્તિકાય. આ છેને? કઈ ગાથા છે ઈ? બીજી. જુઓ! બીજી ગાથા.

**समणमुहुग्गदमट्ठं चदुग्गदिणिवारणं सणिव्वाणं।**
**एसो पणमिय सिरसा समयमिणं सुणह वोच्छामि।।२।।**

હે નાથ! **'શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ 'નિર્વાણનું પરંપરાએ કારણ'** હોવાને લીધે **(૧) પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે અને (૨) સ્વતંત્રતાપ્રાપ્તિ જેનું લક્ષણ છે એવા ફળથી સહિત છે.'** આપનો ઉપદેશ છે. હે ભગવાન! આપે તો ચાર ગતિના નાશનો ઉપાય બતાવ્યો છે. પરતંત્રતાના નાશનો. અજ્ઞાનીએ ચાર ગતિની પ્રાપ્તિનો ઉપદેશ બતાવ્યો છે. સ્વર્ગ તો મળશેને? માણસ કરતાં સુખી તો થાશુંને. મૂઢ. સ્વર્ગમાં જઈને સ્વર્ગના પરિણામને અહીંયા પ્રશંસે છે, એ કુદેવે આવા માર્ગ બતાવ્યા છે, કુગુરુએ આવા માર્ગ બતાવ્યા છે. સમજાણું કાંઈ? આપે તો એક ધારાવાહી માર્ગ બતાવ્યો. ચાર ગતિની પરતંત્રતાનું નિવારણ અને નિર્વાણની સ્વતંત્રતાની ઉપલબ્ધિ—એક જ માર્ગ આપે કહ્યો.

તો કહે છે, **'આપને મૈંને સબ કુછ દેખા હૈ, ઈસ અભિમાન સે કભી ભી અપની ભુજાઓં કો નહીં દેખા થા.'** ઘમંડિઓએ પોતે ઘણા માર્ગ મેં બતાવ્યા એમ જોઈને મારા શરીરમાં, ભુજામાં શું બળ છે! હાથને પણ એ જોતો નથી.

**'ભાવાર્થ :— ઘમંડિયોં કા સ્વભાવ હોતા હૈ કિ વે અપને કો બડા સમજકર બાર-બાર અપની ભુજાઓં કી તરફ દેખતે હૈં,...'** વારંવાર હાથ તરફ દેખે. આપે ભુજાને દેખી નથી. **'આપને ઘમંડ સે કભી અપની ભુજાઓં કી તરફ નહીં દેખા. ઉસકા કારણ યહ હૈ કિ આપ સોચતે થે કિ મૈંને તો સિર્ફ એક મોક્ષ કા હી રાસ્તા દેખા હૈ...'** મેં તો એક મોક્ષનો જ રસ્તો જોયો છે. એટલે મારે હવે ભુજાને જોવાનું રહ્યું નથી. ઓલો ભુજાને જોવે છે કે કેટલી તાકાત છે મારામાં. લડે છેને? આ કુસ્તી કરે ત્યારે પછાડતા જાય આમ. મલ્લ મલ્લ. પ્રભુ! આપે તો પછાડ્યું નહિ કાંઈ, હોં! મેં તો એક જ મોક્ષમાર્ગ બતાવ્યો છે. મેં તો એક જ બતાવ્યો, ઓલા તો ચાર માર્ગ બતાવે છે. ચાર ગતિનો બતાવે. અથવા મોક્ષમાર્ગ બે પ્રકારે કહે છે. એ અજ્ઞાની કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રવાળા મોક્ષમાર્ગને બે કહે છે, અમે વધી ગયા એમ કહે છે. આપે એક જ બતાવ્યો માટે આપને ઘમંડ છે નહિ. સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગમાં નથી રાડ્યું પાડતા? મોક્ષમાર્ગ બે છે. ત્રણ કાળમાં મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગ એક જ છે.

મુમુક્ષુ :— માર્ગ તો કહ્યો છે.

ઉત્તર :— માર્ગ કહ્યો છે એ કોથળાને ચોખા કીધા છે. બારદાનને ચોખા તોળીને ભેગા (બોલાય), ચાર મણ ને અઢી શેર. તોળ્યું બારદાન. આ ચોખા હોય ને? ચાર મણ ને અઢી શેર. અઢી શેર તો બારદાન—કોથળો છે અને ચાર શેર ચોખા છે. એટલે અઢી મણ ચોખા થઈ ગયા? ચાર શેર અને અઢી શેર.

એમ કથન બે પ્રકારના સમ્યગ્દર્શનના, સમ્યક્જ્ઞાનના, સમ્યક્ચારિત્રના, સમ્યક્શાંતિના બે પ્રકારના કથન (આવે પણ) માર્ગ એક આપે કહ્યો છે. અજ્ઞાનીઓ બે માર્ગ કહે છે તે મૂઢ જીવ ચાર ગતિમાં રખડનારા છે. સોહનલાલજી! સમજ મેં આતા હૈ કિ નહીં કુછ?

**'અન્ય સભી દેવી-દેવતા ચારોં ગતિયોં કે રાસ્તોં સે પરિચિત હૈં;...'** એ પરિચિત છે, માર્ગ દીઠો છે એમ કહે છે. એણે ચાર ગતિનો માર્ગ દીઠો છે. દીઠો એ બતાવે છે અને આપે તો બીજો કોઈ માર્ગ અદષ્ટ માર્ગ કાઢ્યો. વિકલ્પાતીત, અંદર ચિંતાતીત, મનાતીત, ચૈતન્યમૂર્તિની શ્રદ્ધા, જ્ઞાન અને નિર્વિકલ્પ અનુભવ એક જ પ્રકાર મોક્ષનો માર્ગ આપે કહ્યો છે. **'મૈં ઉનકે સામને અલ્પજ્ઞ હૂં.'** એમ કહે છે. જુઓ! શું કહે છે? ઓલાએ ચાર માર્ગ બતાવ્યા, મેં એક બતાવ્યો, ઓલાએ બે બતાવ્યા, મેં એક બતાવ્યો. માટે એની પાસે હું ઓછો ખરો. કોની અપેક્ષાએ? ઓલા ચાર બતાવનારની અપેક્ષાએ હું ઓછો ખરો. પણ છે સાચેસાચ્ચો ઓછો પણ. એમ કહે છે. **'અલ્પજ્ઞ કા બહુજ્ઞાનિયોં કે સામને અભિમાન કૈસા?'** હું તો અલ્પજ્ઞ છું, હોં! એક જ માર્ગ મેં બતાવ્યો, બીજો કોઈ બતાવ્યો નહિ. અને ઓલાએ ચાર બતાવ્યા કે બે બતાવ્યા.

**'શ્લોક કા તાત્પર્ય યહ હૈ કિ હે પ્રભુ! આપ અભિમાન સે રહિત હૈં ઔર**

**નિશ્ચિત હી મોક્ષ કો પ્રાપ્ત હોનેવાલે હૈં પરન્તુ અન્ય દેવી-દેવતા અપને-અપને કાર્યોં કે અનુસાર નરક આદિ ચારોં ગતિયોં મેં ઘૂમા કરતે હૈં.'** જુઓ! આ પ્રમાણે ચૈતન્યના ગુણની નિર્મળ પરિણતિના પ્રશંસા અને ગાણા ગુણગ્રામ ભક્તિ કરવી એનું નામ સાચી ભક્તિ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

